સત્યમેવ જયતે

તુષાર એમ. ધોળકિયા, આઈ.એ.એસ.
નિયામક

નિયામક, સમાજ સુરક્ષા ખાતુ
બ્લોક નં. ૧૬, ગ્રાઉન્ડ ફ્લોર,
ડૉ. જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ગુજરાત રાજ્ય.
ફોન નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૯
ફેક્સ નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૮

નં.સસુખા/અપગ/૧૬-૧૭/ ૭૧૮૧ — તા. ૨૩ /૦૬/૨૦૧૬

## પરિપત્ર

**વિષય :** નિયામક, સમાજ સુરક્ષા ખાતા હેઠળ કાર્યરત સરકારી કચેરીઓ/ સ્વૈચ્છિક સંસ્થાઓમાં વર્ગ-૪ની કામગીરી માટે જે તે જિલ્લા કલેકટરશ્રી ધ્વારા માન્ય કરાયેલ આઉટસોર્સીંગ એજન્સીઓ પાસેથી કામગીરી કરાવવા બાબત

**સંદર્ભ :** સા. ન્યા. અને અધિ. વિભાગનો તા. ૧૩/૦૬/૨૦૧૬નો પત્ર નં. અપગ/૧૦૨૦૧૫/૧૧૮૪૪૬/છ-૧

સમાજ સુરક્ષા ખાતા હસ્તકના તમામ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓના વડાઓને જણાવવાનું કે આપની કચેરી / સંસ્થામાં મંજુર થયેલ વર્ગ-૪ ની જગ્યાઓ પૈકી જે જગ્યાઓને વર્ષ ૨૦૧૬-૧૭ માટે ચાલુ રાખવાની અત્રેથી મંજૂરી અપાયેલ છે તે તમામ જગ્યાઓ પર આઉટસોર્સીંગથી કામગીરી કરતા કર્મચારીઓને હવેથી અત્રેથી નિયત કરાયેલ ફિકસ પગારને બદલે જે તે જિલ્લામાં આઉટસોર્સીંગની કામગીરી માટે સંબંધિત જિલ્લા કલેકટરશ્રી દ્વારા તેમના જિલ્લા માટે ચાલુ વર્ષે માન્ય કરવામાં આવેલ એજન્સીઓ પાસેથી સેવાઓ મેળવી એજન્સીના મંજુર કરાયેલ દરો મુજબ ચુકવણું કરવા આથી મંજુરી આપવામાં આવે છે.

જે જિલ્લામાં કલેક્ટરશ્રી દ્વારા માન્ય કરાયેલ એજન્સી અસ્તિત્વમાં ન હોય તો નજીકના જિલ્લામાં મંજૂર કરાયેલ દરોની વિગતો સાથે અત્રેની કચેરીની મંજૂરી મેળવી ચૂકવણું કરવાનું રહેશે.

આઉટસોર્સીંગની વર્ગ-૪ની જે જગ્યાઓ માટે દરો નિયત કરાયેલ ન હોય તો સમકક્ષ કામગીરી માટે દરો સુચવી જરૂરી આધારો સાથે અત્રે દરખાસ્ત કરી અત્રેની મંજૂરી મેળવી ચૂકવણું કરવાનું રહેશે. આઉટસોર્સીંગના કર્મચારીઓને નામજોગ વેતનની ચૂકવણી કરવાની રહેશે નહી. ફક્ત એજન્સીના નામે જ બીલ બનાવી એજન્સીને ચૂકવણું કરવાનું રહેશે.

નિયામક
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,

(૧) તમામ વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કામગીરી કરતી સ્વૈચ્છિક સંસ્થાઓના વડાઓને જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

(૨) તમામ સ્વૈચ્છિક બાળગૃહોના વડાઓને જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

(૩) તમામ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

(૪) સી.પી.ડી. શાખા

(૫) હિસાબી શાખા (ઓડિટ અને ગ્રાન્ટ-ઈન-એઈડ)

<u>નકલ સાદર રવાના</u> :

સંયુક્ત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરને સંદર્ભપત્રના અનુસંધાને જાણ થવા સારૂ.